# મંડળીમાં દેવ દેખરેખ રાખનારા પરા પાડે છે.



**વિષયસૂચિ**


પ્રસ્તાવના
અનુક્રમણિકા
પરિચય
વાર્તા
દેખરેખ રાખનારાઓ સંબધી બાઈબલ શું શીખવે છે
૧. પ્રાચિન ઈસ્ત્રાએલના રાજયમાં
૨. સુવાર્તાઓમાં
૩. યરુશાલેમની મંડળીમાં
૪. વિદેશીઓની મંડળીમાં
૫. મંડળીઓને પત્રમાં
૬. પાળકોને પત્રમાં
૭. ખ્રિસ્તીઓને પત્રમાં
વ્યવહારુ સલાહ
દેખરેખ કર્તાઓના જોખમો
વાર્તા ચાલુ
સેવાકાર્ય
સારાશં


**પ્રસ્તાવના**

તમારી મંડળીના પ્રભુ ઈસુના અનુયાયીઓને દેખરેખ અંગેનું શિક્ષણ આપવા પવિત્ર આત્માની સહાય માંગો.

**વાર્તા**

શ્રી તાલિમ આપનાર શ્રી વિશ્વાસીને પૂછે છે, શું કોઈ માણસ નવા જન્મેલા બાળકોને રસ્તા પર પોતાની રીતે વૃદ્ધિ પામવા છોડી દે ? શ્રી વિશ્વાસી હસે છે અને ઉતર આપે છે ના, તેના માબાપ તે નવજાત શિશુને પોતાના ઘરમાં લાવીને તેનો ઉછેર કરશે.

શ્રી તાલિમ આપનાર શ્રી વિશ્વાસીને પૂછે છે, કોઈ પાળક પોતાના ઘેટાંને પોતાની રીતે આમતેમ રખડવા છોડી દે ?

શ્રી વિશ્વાસી ફરીથી હસે છે અને ઉતર આપે છે ‘ના, સારો પાળક તેના ઘેટાને દોરવણી આપશે અને તેમને જંગલી વરૂઓથી બચાવશે જેમ જેમ ટોળું તેમ તેમ પાળક નવા પાળકોને તાલિમ આપીને તૈયાર કરે છે,

શ્રી તાલિમ આપનાર સમજાવે છે એ જ રીતે નવા વિશ્વાસીની કાળજી લેવા માટે કોઈની જરૂર છે આવા કાળજી લેવા માટે કોઈની જરૂર છે. આવા કાળજી લેનારાઓને આપણે દેખરેખ રાખનાર તરીકે ઓળખીએ

છીએ. તેઓ પાસ્ટર,પાળક,સેવક,વડીલ વિ.રીતે ઓળખી શકાય

શ્રી તાલિમ આપનાર આગળ કહે છે તમારા શહેરમાં કેટલાક લોકોએ પ્રભુ ઈસુ પર વિશ્વાસ કર્યો. હવે જો હું તમને તાલિમ આપુ તો તમે શું તેઓને શિક્ષણ આપીને તેમનુ રક્ષણ કરશો ?

શ્રી વિશ્વાસી જવાબ આપે છે નવા વિશ્વાસીઓને માર્ગદર્શન આપવાનુ મને ગમે પણ દેખરેખ કરનાર કઈ રીતે બનવુ તે હું જાણતો નથી તેની ફરજો કઈ છે ?

## તાલિમ આપનારાઓ વિષે બાઈબલનુ શિક્ષણ

### ૧. પ્રાચિન ઈસ્ત્રાએલ રાજયમાં

જૂના વખતમાં જયારે દેવે ઈસ્ત્રાએલપુત્રોને મીસરમાંથી છોડવવા માટે સહાય કરી ત્યારે તેમનો આગેવાન મુસા હતો. રોજ સવારથી સાંજ સુધી તે લોકોના પ્રશ્નો સાંભળાતો અને તેમના ઝઘડા ઉકેલતો. સાંજ પડયે તે ખૂબ થાકી જતો અને લોકો ફરિયાદો કરતા કારણકે તે બધાને સંતોષ આપી શકતો ન હતો.

જયારે મુસાના સસરા તેની મુલાકાતે આવ્યા ત્યારે તેમણે મુસાને આ સલાહ આપી.

> "લોકોને દેવ સમક્ષ રજુ કરવા અને તેમના પ્રશ્નો દેવ સમક્ષ લાવવા તેઓને નિયમો અને વિધિઓથી માહિતગાર કર અને કયા માર્ગ તેઓએ ચાલવુ અને કઈ બાબતો કરવી તે તેમને જાણાવ તારે લોકોમાંથી અને નામીચા માણસોને શોધી કાઢવા જેઓ દેવનુ ભય રાખતા હોય,વિશ્વાસુ હોય અન્યાયની આવકને ધિક્કરતા હોય, એવાંઓને હજાર હજારના સો સોના પચાસ પચાસના અને દસ દસના ઉપરી બનાવ તેઓ ન્યાયાધિશ તરીકે હર સમયે લોકોનો ન્યાય કરે અને દરેક અઘરો કેસ તારી પાસે લાવે નાના ઝધડાની પતાવટ તેઓ કરે આમ તને સહેલું પડશે અને તેઓ તારો બોજા ઉંચકશે જો તું આમ કરીશ અને લોકો પોતાના ઘેર શાંતિએ જશે માટે મુસાએ પોતાના સસરાની કહેલી વાત લક્ષમાં લીધી અને તેમના કહ્યા પ્રમાણે સઘળું કર્યું" (નિર્ગ ૧૮:૧૯-૨૪)

**આ પ્રશ્નોના ઉત્તરો આપો.**

- દેખરેખ કર્તાઓની જરૂર શા માટે છે ?
- કેવા પ્રકારના લોકો દેખરેખ કર્તા બની શકે ?
- જુદા જુદા કેટલા જૂથોમાં દેખરેખકર્તાની જરૂર છે?

### ૨. સુવાતીમાં

પ્રભુ ઈસુ જાણે છે કે તેના લોકો પ્રેમી આગેવાનોની ઈસ્છા રાખે છે તેઓ તરફથી પ્રેમ અને શિક્ષણની તેમને અપેક્ષા છે. પ્રભુ ઈસુએ શીખવ્યું કે હુ ઉતમ ઘેંટાંપાળક છું

> " હું ઉતમ ઘેટાપળક છું જેમ બાપ મને ઓળખે છે અને હું બાપને ઓળખુ છું તેમ હું મારા ઘેટાંને સારૂ મારો જીવ આપું છું. મારે તેમને પણ વાડામાં લાવવા જોઈએ અને તેઓ મારો અવાજ સાંભળશે તેથી એક ટોળું અને એક ઘેટાંપાળક થશે. એ કારણથી બાપ મારા પર પ્રેમ કરે છે કારણકે હું મારો જીવ આપું છું કે હું તે પાછો લઉં" યો ૧૦ : ૧૪-૧૭

પ્રભુ ઈસુ મરણમાંથી સજીવન થયા પછી પોતાના કેટલાક શિષ્યોને તે દેખાયો.

> ઈસુએ સિમોન પીતરને કહ્યુ, તેણે તેને ઉતર આપ્યો હા,પ્રભુ તુ જાણે છે કે હું તારા પર પ્રેમ રાખુ છું ઈસુ તેને કહે છે મારા હલવાનોને પાળ બીજી વાર તે તેને કહે છે યોહાનના દીકરા સીમોન શું તું મારા પર પ્રેમ રાખે છે ? તે તેને ઉતર આપે છે હા પ્રભુ,તું જાણે છે કે હું તારા પર પ્રેમ રાખું છું ઈસુ તેને કહે છે મારા હલવાનોને પાળ તે તેને ત્રીજી વખત પૂછે છે "યોહાનના દીકરા સીમોન શું તું મારા પર પ્રેમ રાખે છે ?" પીતર શોકિત થયો કારણકે તેણે તેને ત્રીજી વખત પૂછયું હતું તે તું મારા પર પ્રેમ રાખે

છે ? અને તે તેને ઉતર આપે છે ''પ્રભુ તું સઘળુ જાણે છે તું જાણે છે કે હું તારા પર પ્રેમ રાખું છું ઈસુ તેને કહે છે ''મારા હલવાનોને પાળ'' યો.૨૧ :૧૫-૧૭.

પાછળથી પીતરે પોતાના શિષ્યોને લખેલા પત્રમાં જણાવ્યું છે.

''તમારામાં જે વડીલો છે તેઓને હું સાથી વડીલ તથા ખ્રિસ્તના દુઃખોનો સાક્ષી તથા પ્રગટ થનાર મહિમાનો ભાગીદાર છું તેથી તેઓને વિનંતી કરૂં છું કે દેવનું જે ટોળુ તમારામાં છે તેનુ પ્રતિપાલન કરો અધ્યક્ષનું કામ ફરજ પડયાથી નહિ પણ ખુશીથી કરો'' વળી તમને સોંપેલા ટોળા પર ધણી તરીકે નહિ પણ તમે તે ટોળાંને આદર્શરૂપ થાઓ જયારે મુખ્ય ઘેટાંપાળક પ્રગટ થશે ત્યારે મહિમાનો કદી પણ કરમાઈ ન જનાર મુગટ તમને મળશે'' ૧ થેસ્સા. ૫ :૧-૪

**આ પ્રશ્નોના જવાબ આપો.**

- દેખરેખ રાખનારનું કામ કેવી રીતે પાળક જેવુ છે ?
- દેખરેખ રાખનારની કેટલીક ફરજો કઈ છે ?
- દેખરેખ રાખનારાઓ માટે પ્રભુ કયુ પ્રતિફળ ઠરાવ્યું છે ?

## ૩. યરૂશાલેમની મંડળીમાં

યરૂશાલેમની મંડળીમાં પ્રેરિતો પોતે જ દેખરેખકર્તાઓ હતા. પ્રે.૪, ૫.

''પ્રેરિતોએ મહાપરાક્રમથી પ્રભુ ઈસુના પુનરૂત્થાનની સાક્ષી પૂરી અને તેઓ સર્વના ઉપર ધણી કૃપા હતી તેઓમાના કોઈને કશાની અછત નહોતી કારણકે જેટલાની પાસે ભોય કે ધર હતા તેટલાએ તે વેચી નાખ્યા તેઓ વેચેલી વસ્તુઓનું મુલ્ય લાવીને પ્રેરિતોના પગ આગળ મૂકતા અને જેને જેની અગત્ય હતી તે પ્રમાણે તેને વહેચી આપવામાં આવતુ હતું (પ્રેકૃ. ૪ : ૩૩-૩૫) તેઓ એ નામને લીધે અપમાન પામવા જોગ ગણાયા. તેથી હરખાતા તેઓ સભામાંથી ચાલ્યા ગયા તેઓએ નિત્ય મંદિરોમાં તથા ઘેર ઈસુ તે જ ખ્રિસ્ત છે તે વિષે શિખવવાનુ તથા પ્રગટ કરવાનુ છોડયુ નહી'' (પ્રેકૃ.૫ : ૪૧-૪૨)

પ્રેરિતોએ આગળ જતા મદદગારો ઠરાવ્યા અને તેમને ખાસ કામ સોંપ્યાં.

''ત્યારે બાર પ્રેરિતએ બધા શિષ્યોને પોતાની પાસે બોલાવીને કહ્યુ કે અમે દેવની વાત પડતી મૂકીને ભાણા પીરસવાની સેવા કરીએ એ શોભતુ નથી માટે ભાઈઓ તમે પોતાના માંથી પવિત્ર આત્માથી તથા જ્ઞાનથી ભરપૂર એવા સાત પ્રતિષ્ઠિત માણસોને શોધી કાઢો કે જેઓને એ કામ પર નીમીએ પણ અમે તો પ્રાર્થનામાં તથા પ્રભુની સેવામાં લાગુ રહીશુ એ વાત આખી મંડળીને સારી લાગી.'' (પ્રેકૃ.૬ : ૨-૫)

પ્રેરિતો અને વડીલો અઘરા પ્રશ્નો સાભળતા અને હલ કરતા હતા.

''પાઉલ તથા બાર્નાબાસને તેઓની સાથે બહુ તકરાર તથા વાદવિવાદ થયો ત્યાર પછી ભાઈઓએ ઠરાવ કર્યો કે પાઉલ તથા બાર્નાબાસ અને પોતાનામાંના બીજા કેટલાએક એ વિવાદ સંબધી યરૂશાલેમના પ્રેરિતો અને વડીલો પાસે જાય તેઓ યરુશાલેમ પહોંચ્યા ત્યારે મંડળીએ પ્રેરિતોએ તથા વડીલોએ તેઓનો આદરસત્કાર તેમને કહી સંભળાવ્યુ.'' (પ્રેકૃ.૧૫ : ૨-૪)

**કૃપા કરીને આ પ્રશ્નનો જવાબ આપો.**

- દેખરેખ રાખનારે કરવાના કેટલાક કાર્યો જણાવો?

## ૪. વિદેશી મંડળીઓમાં

અંત્યોખમાં જે પ્રબોધકો અને ઉપદેશકો સેવા કરતા હતા તેઓએ નવી મંડળીઓ શરૂ કરવા માટે પ્રેરિતોને મોકલ્યા.

"હવે અંત્યોખમાં જે મંડળી હતી તેમાં કેટલાએક પ્રબોધકો તથા ઉપદેશકો હતા.. તેઓ પ્રભુની ઉપાસના તથા ઉપવાસ કરતા હતા. ત્યારે પવિત્ર આત્માએ તેઓને કહ્યું કે જે કામ કરવા સારૂ મેં બાર્નાબાસ તથા શાઉલને બોલાવ્યા છે તે કામને વાસ્તે તેઓને મારે સારૂ જુદા પાડો. ત્યારે તેઓએ ઉપવાસ તથા પ્રાર્થના કરીને તેઓ પર હાથ મૂકીને તેઓને વિદાય કર્યા. (પ્રેકૃ.૧૩:૧-૩)

પાઉલે દરેક મંડળીમાં વડીલો ઠરાવ્યા

"તે શહેરમાં સુવાર્તા પ્રગટ કર્યા પછી તથા ઘણા સંકટમાં થઈને દેવના રાજયમાં જવું પડે છે વળી તેઓએ દરેક મંડળીમાં મત લઈને તેઓને સારૂ વડીલો નીમ્યા અને ઉપવાસ સહિત પ્રાર્થના કરીને તેમને જે પ્રભુ પર તેઓએ વિશ્વાસ કર્યો હતો તેને સોપ્યા." (પ્રેકૃ.૧૪ : ૨૧-૨૩)

વડીલોએ પોતાનું અને પોતાના ટોળાનું ધ્યાન રાખવાનું હોય છે અને વરૂઓથી અને ભરમાવનારાઓથી તેઓનું રક્ષણ કરવાનુ હોય છે.

"પછી પાઉલે મિલેતસથી એફેસસ સંદેશો મોકલીને મંડળીના વડીલોને પોતાની પાસે બોલાવ્યા તેઓ આવ્યા ત્યારે તેણે તેઓને કહ્યુ કે...તમે પોતાના સંબઘી તથા જે ટોળા ઉપર પવિત્ર આત્માએ તમને અધ્યક્ષો નીમ્યા છે તે સર્વ સંબઘી સાવધાન રહો જેથી દેવની જે મંડળી તેણે પોતાના લોહીથી ખરીદી તેનુ તમે પાલન કરો હું જાણું છું કે મારા ગયા પછી ટોળા ઉપર દયા નહિ રાખે તેવા ક્રુર વરૂઓ તમારામાં દાખલ થશે અને શિષ્યોને પોતાની પાછળ ખેંચી લઈ જવા સારૂ અવળી વાતો બોલશે પ્રેકૃ.૨૦:૧૭,૧૮;૨૮-૩૦)

**કૃપા કરીને આ પ્રશ્નોના જવાબ આપો.**

- દેખરેખ રાખનારાઓને પાઉલ કેવી ચેતવણી આપે છે ?
- કયા વધારાના કાર્યો કરવાનુ પાઉલ દેખરેખ રાખનારાઓને કહે છે ?

**૫. મંડળીઓ ઉપરના પત્રોમાં**

મંડળીઓ અને કાર્યજૂથો ઉપર દેખરેખકર્તા તરીકેનું દાન પવિત્ર આત્મા દ્વારા કેટલાક લોકોને આપવામાં આવે છે. રૂમી ૧૨,૧ કોરીંથ ૧૨,એફેસી ૪,ફિલે.૧

"આપણને જે કૃપાદાન આપવામાં આવ્યું છે તે પ્રમાણે આપણને જુદા જુદા વરદાન મળ્યા છે... જે અધિકારી છે તેણે ખંતથી અધિકાર ચલાવવો, અને જે દયા રાખે તેણો ઉમંગથી રાખવી. રૂ.૧૨:૬-૮ દેવે મંડળીમાં કેટલાએકને નીમ્યાં છે પ્રથમ પ્રેરિતોને બીજા પંકિતમાં પ્રબોઘકોને ત્રીજા ઉપદેશકોને ...અઘિકારીઓને ૧ કો૧૨ :૨૮ વળી સંતોની સંપૂર્ણતા કરવાને અર્થ,સેવાના કામને સારૂ ખ્રિસ્તના શરીરની ઉન્નતિ કરવાને સારૂ તેણે કેટલાએક પ્રેરિતો, કેટલાએક પ્રબોઘકો કેટલાએક સુવાર્તિકો અને કેટલાએક પાળકો તથા ઉપદેશો આપ્યા.(એફે.૪:૧૧)

ખ્રિસ્તી સંગતમાં બે પ્રકારના કાર્યકર્તાઓ હોય છે.

"ફિલીપ્પીમાંના ઈસુ ખ્રિસ્તમાં સહુ સંતો અધ્યક્ષો તથા સહાયકારીઓ, એ સર્વ જોગ ...દેવ આપણા બાપ તરફ થી તથા પભુ ઈસુ ખ્રિસ્ત તરફથી તમને કૃપા તથા શાંતિ હો. (ફિલિ ૧:૧-૨)

તેઓ ખ્રિસ્તી મંડળીની સેવા કરે છે અને લોકો સામે તેમને માન આપે છે.

"વળી આપણી બેન ફેબી જે કેંક્રિયામાંની મંડળીની સેવિકા છે તેને માટે હું તમને ભલામણ કરૂ છું કે સંતોને ઘટે તેવી રીતે તમે પ્રભુને લીધે તેનો અંગીકાર કરો અને જે જે બાબતમાં તેને તમારી મદદથી જરૂર પડે તેમાં તમે તેને સહાય કરજો કેમકે તે પોતે જ ઘણા ને તથા મને પોતાને પણ સહાય કરનાર થઈ છે.(રૂ.૧૬:૧-૨) ભાઈઓ તમે સ્તેફનના કુટુંબને જાણો છો કે તેઓ અખાયાનુ પ્રથમ ફળ છે અને તેઓ સંતોની સેવામાં લાગુ રહ્યા માટે હું તમને વિનંતી કરૂ કે તમે એવા માણસોને તથા

જેટલા કામમાં સહાય કરીને એજ પ્રમાણે અમારો વહાલો સાથીદારો એપાફ્રાસ...અમારે માટે ખ્રિસ્તનો વિશ્વાસુ સેવક છે'' (કોલોસી ૧:૭)

**કૃપા કરીને આ પ્રસ્નોના જવાબ આપો.**

- દેખરેખ રાખનારાઓ પોતાના કાર્ય પત્યે ખંતીલા કેવી રીતે બને છે ?
- કયો વિશ્વાસી સારો દેખરેખકર્તા બની શકશે તે અનુયાયીઓને કેવી રીતે ખબર પડે છે ?

## ૬. પાળકો ઉપરના પત્રોમાં

દેખરેખકર્તાઓ દેવના વચનના શિક્ષણ ઉપર ધ્યાન આપે છે અને વિશ્વાસીઓને સેવાઓ માટે તૈયાર કરે છે તેમજ નવા દેખરેખરાખનારાઓને તૈયાર કરે છે.

> ''માટે મારા ખરા દીકરા ખ્રિસ્ત ઈસુમાં જે કૃપા છે તેમાં તું સમર્થ થા. જે વાતો ઘણા સાક્ષીઓ સમક્ષ તેં સાંભળી છે તે બીજાઓને પણ શિખવી શકે એવા વિશ્વાસુ માણસોને સોપી દે (૨ તિ.૨:૧-૨)

બધા શહેરોમાં વડીલો ઠરાવવા.

> ''જે કામો અધૂરાં છે તે તું વ્યવસ્થિત કરે અને તને મેં જે આજ્ઞા આપી હતી તે પ્રમાણે તું નગરેનગર વડીલો ઠરાવે માટે મેં તને.... દેવના કારભારી તરીકે... ક્રિતમાં રાખ્યો'' (તિતસ ૧:૫-૭)

દેખરેખકરનાર, તેમના મદદગારો અને પાળકો પાસે ખાસ લાયકાતો હોવી જોઈએ ૧ તિ. ૩; તિત. ૧

> ''જો કોઈ માણસ અધ્યક્ષપદની ઈસ્છા રાખે છે તો તે ઉમદા કામની ઈસ્છા રાખે છે એ વચન માનવાયોગ્ય છે અધ્યક્ષ તો નિર્દોષ ...વળી તે નિંદાપાત્ર ન થાય અનો શેતાનના ફાંદામાં ન ફસાય માટે બહારના માણસોમાં એની શાખ સારી હોવી જરૂર છે એ જ પ્રમાણે સેવકો પણ ગંભીર... તેઓની પ્રથમ પારખ થવી જોઈએ પછી જો તેઓ નિર્દોષ માલૂમ પડે તો તેઓ સેવકનું કામ કરે.'' (૧તિ. ૩:૧-૧૦)
>
> તું નગરેનગર વડીલો કરાવે જો માણસ નિર્દોષ હોય... અધ્યક્ષ દેવનો કારભારી છે માટે તેણે નિર્દોષ હોવું જોઈએ...શુધ્ધ ઉપદેશ પ્રમાણે બોધ કરવાને તથા વિરોધીઓની દલીલો તોડવાને તે શકિતમાન થાય. (તિત. ૧:૫-૯)

ખ્રિસ્તી સંગતે કઠોર પરિશ્રમ કરતા દેખરેખ કરનારાઓને જયારે આપી શકે ત્યારે વેતન ચુકવવું જોઈએ .

> જે વડીલો સારી રીતે અધિકાર ચલાવે છે અને વિશેષ કરીને જેઓ ઉપદેશ કરવામાં તથા શિક્ષણ આપવામાં શ્રમ લે છે તેઓને બમણાં માનપાત્ર ગણવા કેમકે શાસ્ત્ર કહે છે કે પારે ફરનાર બળદને મોઢે શીકી ન બૉધ મજુરને પોતાની મજુરી મળવી જોઈએ. (૧ તિમોથી ૫ : ૧૭-૧૮)

જેદેખરેખ રાખનારાઓ પાપ કરે તેમને જાહેરમાં ઠપકો આપવો જોઈએ.

> બે કે ત્રણ સાક્ષી વગર વડીલ ઉપરનુ તહોમત ન સાંભળ પાપ કરનારાઓને સર્વની સમક્ષ ઠપકો આપ જેથી બીજાઓને પણ ડર રહે .૧ તિમોથી ૫ : ૧૯-૨૦

**કૃપા કરીને આ પ્રશ્નોના જવાબ આપો.**

- નવા દેખરેખરાખનારાઓને કેવી રીતે તાલિમ અપાય છે ?
- પૂણ સમયમાં દેખરેખરાખનારા (વડીલ) બનવા માટેની લાયકાતો શી છે ?

## ૭. ખ્રિસ્તીઓ ઉપરના પત્રોમાં

જે વિશ્વાસીઓ શિક્ષણ આપે છે તે બધા દેખરેખ રાખનારા કે વડીલો બની ન શકે કારણ કે તેઓએ ખ્રિસ્તના અનુયાયીના નમૂના બનવાનુ છે.

મારા ભાઈઓ તમારામાંના ઘણા ઉપદેશકો ન થાઓ, કેમકે તમે જાણો છો કે આપણા ઉપદેશકોને તો વિશેષ કરીને ભારે સજા થશે કેમકે આપણે સઘળા ઘણી બાબતોમાં ભૂલ કરીએ છીએ જો કોઈ બોલવામાં ભૂલ કરતો નથી તો તે સંપૂર્ણ માણસ છે અને પોતાના આખા શરીરને પણ અકુશમાં રાખવા શકિતમાન છે. (યાકુબ ૩ : ૧-૨)

વડીલો દ્વારા માંદાઓ માટે પ્રાર્થના

તમારામાં શું કોઈ માંદો છે ? જો હોય તો તેણે મંડળીના વડીલોને બોલાવવા. અને તેઓએ પ્રભુના નામથી તેને તેલ ચોળીને તેને માટે પ્રાર્થના કરવી અને વિશ્વાસ સહિત કરેલી પ્રાર્થના માંદાને બચાવશે ને પ્રભુ તેને ઉઠાવશે અને જો તેણે પાપ કર્યા હશે તો તે તેને માફ કરવામાં આવશે (યાકુ ૫:૧૪-૧૫)

નમૂનો બનવા માટે વડીલોએ ખુશીથી સેવા કરવી અને લોભ રાખવો નહિ.

તમારામાં જે વડીલો છે...દેવનુ જે ટોળું તમારામાં છે તેનું પ્રતિપાલન કરો. ફરજ પડયાથી નહિ પણ હોંશથી કરો વળી તમને સોંપેલા ટોળા પર ધણી તરીકે નહી પણ તમે તે ટોળાંને આદર્શરૂપ થાઓ. (૧ પિતર ૫ : ૧-૩)

**કૃપા કરીને આ પ્રશ્નનો જવાબ આપો.**

- વડીલોની કેટલીક ફરજો શી છે ?
- વડીલ તરીકેનું કાર્ય કરવા માટે નો યોગ્ય હેતુ શો છે ?

## વ્યવહારીક સલાહ

મોટેભાગે નવો વડીલ બનેલ વ્યક્તિ પુખ્ત હોય છે. ગૃહસ્થ હોય છે અને પોતાના કુટુંબને યોગ્ય રીતે ચલાવનાર હોય છે. એક મંડળીના વડીલ બનવું તે પોતાનું ઘર ચલાવવા બરાબર છે. અપરિણિત વ્યક્તિને લોકો ખાસ માનપાત્ર ગણતા નથી. અને બીજાઓ પ્રત્યે કેવી રીતે કાળજી લેવી તે તે સમજી શકે નહિ.

નવા વિશ્વાસીઓની બનેલી નવી મડળીમાં વડીલ તરીકેની શ્રેષ્ઠ પસંદગી નવા વિશ્વાસીઓમાંથી જ કરવી કારણ કે તે તેઓમાંથી જ હોવાને કારણે એકબીજાને સારી રીતે સમજી શકે છે. તેથી તેને માન્ય રાખે છે. આમ છતાં નવા વિશ્વાસી વડીલને ''વડીલ'' નો હોદ્દો નહિ પણ કામચલાઉ વડીલ ગણવો અથવા તાલિમાર્થી વડીલ ગણવો. જયારે તેની પૂરી ચકાસણી થઈ રહે અને વિશ્વાસયોગ્ય ગણાય ત્યારે જે વડીલ બનાવવો.

ટૂંકા ગાળા માટે જે વડીલ હોય તેમના ઉપરી હોવા જોઈએ જે તેમને સલાહસૂચન આપે. આવા ઉપરીઓ પણ વડીલ જ હોય છે અને બહોળો અનુભવ ધરાવતા હોય છે. આવા ઉપરાઓએ કામચાલઉ વડીલોને વખતોવખત મળવું જોઈએ. અને આ બાબતો કરવી જોઈએ.

- તેમની મંડળી કે જૂથની જરૂરિયાતો અંગેનો અહેવાલ સાંભળવો જોઈએ.
- તેઓ પોતાની મંડળી કે જૂથમાં જે યોજનાઓ કરે તેમાં મદદરૂપ થવું.
- બાઈબલમાંથી શિક્ષણ આપવું.
- તેમની મંડળી કે જૂથની અત્યારની જરૂરિયાતોને અનુલક્ષીને તે પ્રમાણેના પાઠ જૂથમાં શીખવવા માટે સોંપવા જોઈએ.
- જે પાઠ તેમણે પૂરો કર્યો હોય તેની ચકાસણી કરી જવી અને વિષે તેમને અભિપ્રાય આપવા દેવો.
- તાલિમાર્થી વડીલોએ શીખવી જરૂરી હોય તેવી નવી ટેકનીકો વિશે સાથે રહીને પ્રયોગ કરવો જોઈએ.
- તાલિમાર્થી વડીલો અને તેમના ટોળા માટે પ્રાર્થના કરવી જોઈએ.
- સમસ્યાઓ પાછળ બહુ વખત ન બગાડો. મંડળીની ઉન્નતિને અનુરુપ નવી પ્રવૃત્તિઓ અને સેવાઓ ઉપર જ વધારે ધ્યાન આપો.

તાલિમાર્થી વડીલે તાલિમ શરૂ કર્યા પછી અથવા નવી મંડળીમાં જવાબદારી શરૂ કર્યા પછી થોડા સમયમાં જ તેણે પણ બીજા નવા ઉપરી વડીલો તાલિમાર્થી વડીલોને સહાય અને જરૂરી સાધન સામગ્રી પૂરી પાડી શકે. આ રીતે એક તાલિમાર્થી વડીલ બીજા તાલિમાર્થી વડીલને તૈયાર કરતો જાય અને એમ નવી મંડળીઓ ઊભી થતી જાય. સાધનસામગ્રી સાથેના આવા ઉપયોગી પ્રોગ્રામને ''તાલિમઆપો અને વૃદ્ધિ પામો.'' એ નામ આપવામાં આવેલું છે. આ પ્રોગ્રામની તમારી ભાષામાં વધુ માહિતી માટે pwr@trainandmultiply.com ઉપર લખો.

આ રીતે વડીલ તરીકેની એક વર્ષની તાલિમ પછી તેની માતૃમંડળી તેના પર હાથ મૂકીને પ્રાર્થના સહિત તેને વડીલ, પાસ્ટર કે દેખરેખકર્તા કહી શકે. આ તેડાને ઘણીવાર દીક્ષા પણ કહેવામાં આવે છે. આ વખતે નવાકરારની આ કાર્યક્ષેત્ર માટેની જરૂરિયાતો ઉપર જ લક્ષ આપવું જોઈએ. જો માનવ જરૂરિયાતોને મહત્વ આપવામાં આવશે તો મંડળીની પ્રગતિ રૂંધાશે અને ખ્રિસ્તની આધિનતામાં રૂકાવટ આવશે.

મંડળી શરૂ કરનારે તેની દેખરેખ રાખવી અને તે સ્થળ છોડીને બાઈબલ સ્કૂલમાં જતા પહેલાં તે મંડળી દ્વારા બીજું જૂથ શરૂ થાય મદદ કરવી જોઈએ.

જો જૂથ એટલું મોટું થઈ જાય કે તે વડીલને મહેનતાણું ચૂકવી શકે તો સભ્યોએ દશાંશ કે અર્પણો ઉઘરાવીને તે કાર્ય કરવું જોઈએ. જે વડીલ આ રીતે પગાર મેળવતા હોય તેમણે બીજા કોઈ વ્યવસાયિક કે અન્ય નોકરીમાં સમય બગાડવો નહિ. પણ પૂર્ણ સમય સેવામાં આપવો.

## વડીલો માટેના જોખમો

ઘણીવાર ખ્રિસ્તી સંગતમાં વડીલથી કંઈ ખોટું થઈ જાય . આવે વખતે વડીલે આ પાપ ઉપર ખ્રિસ્ત વિજય આપે માટે પ્રભુને વિનંતી કરવી જોઈએ. વડીલોના સામાન્ય પાપો આ પ્રમાણે છે.

૧. વડીલો શિષ્યોને પોતાની પાછળ ખેંચે :

> ક્રૂર વરુઓ તમારામાં દાખલ થશે અને તમારા પોતાનામાંથી પણ કેટલાક માણસો ઊભા થશે અને શિષ્યોને પોતાની પાછળ ખેંચી લઈ જવા માટે અવળી વાતો બોલશે. (પ્રે. ૨૦ :૨૯-૩૦)

૨. વડીલ પાપ કરતા પકડાય

> બે કે ત્રણ સાક્ષી વગર વડીલ ઉપરનું તહોમત ન સાંભળ. પાપ કરનારાઓને સર્વની સમક્ષ ઠપકો આપ જેથી બીજાઓને પણ ડર રહે. દેવ તથા ખ્રિસ્ત ઈસુ તથા પસંદ કરેલા દૂતોની સમક્ષ હું તને આજ્ઞા કરું છું કે મારું તારું ન કરતા નિષ્પપક્ષપણે આ આજ્ઞાઓનો અમલ કરજે. કોઈને દીક્ષા આપવામાં ઉતાવળ ન કર, બીજાઓના પાપમાં ભાગિયા ન થા, તું પંડે શુદ્ધ રહેજે. (૧ તિ.૫ :૧૯-૨૨)

૩. વડીલ ધનના લોભમાં ફસાઈ શકે.

> દેવનું જે ટોળું તમારામાં છે તેનું પ્રતિપાલન કરો. અધ્યક્ષનું કામ ફરજ પડયાથી નહિ, પણ ખુશીથી કરો. નીચ લોભને સારુ નહિ. પણ હોંશથી કરો. (૧ પીતર ૫:૨)

૪. વડીલ ખૂબ અધિકાર ધારણ કરે

> વળી તમને સોંપેલા ટોળા પર ધણી તરીકે નહિ પણ તમે તે ટોળાને આદર્શરૂપ થાઓ. (૧ પીતર. ૫:૩)

૫. ખૂબ મહત્વ ધારણ કરવાની કોશિષ કરે.

> મેં મંડળીને કંઈ લખ્યું પણ દિયત્રિફેસ જે તેઓમાં મુખ્ય થવા ચાહે છે તે અમારો અંગીકાર કરતો નથી. એ માટે જો હું આવીશ તો જે કામો તે કરે છે તે કામોને યાદ કરાવીશ તે અમારી વિરુદ્ધ ભુંડું બોલીને બકબક કરે છે અને એટલેથી સંતુષ્ટ ન થઈને તે પોતે ભાઈઓનો અંગીકાર કરતો નથી. તેમજ જેઓ એમ કરાવાની ઈચ્છા રાખે છે તેઓને અટકાવે છે અને મંડળીમાંથી તેઓને બહિષ્કાર કરે છે. (૩ યોહાન. ૯ :૧૦)

**કૃપા કરીને આ પ્રશ્નોના જવાબ આપો.**

- દેખરેખ કર્તા (વડીલ) તરીકે એવી કઈ બાબતો ન કરાવની તમે કાળજી રાખશો ?
- જો કોઈ વડીલ યોગ્ય વર્તણૂંક ન કરે તો તમે શું કરશો ?

## વાર્તા

શ્રી વિશ્વાસી શ્રી તાલિમદારને કહે છે ''હું જોઉં છું કે વડીલો જેમ ઘેટાંપાળક ઘેટાંની કાળજી, લે તે રીતે પોતાની મંડળીનું પાલન કરે છે. વડીલ તરીકેનું કામ હું કેવીરીતે શરૂ કરી શકું ?''

શ્રી તાલિમદાર જવાબ આપે છે ''સારુ, અહીં કેટલાક વ્યવહારુ કામો છે. આપણે સાથે યોજના કરીએ કે તમે તે કોઈ રીતે પાર પાડશો.''

## વ્યવહાર કામ

- દેખરેખકર્તા (વડીલ) ની અંગત લાયકાતોનું લીસ્ટ બનાવો અને પ્રભુની સહાય માંગો.
- મંડળીએ જે કામ કરવા બાબતે દેવ ચાહે છે. તેવી તમામ પ્રવૃત્તિઓની યોજન કરો જે પર તમે દેખરેખ રાખો. આમાંઃ
  - સમસ્યાઓનો ઉકેલ લાવવો.
  - સમસ્યાઓમાં અંદર અંદર તેમજ મંડળી મંડળી વચ્ચે સંગત જાળવી રાખવી.
  - નાના જૂથ બનાવવા જેથી દરેક જણ ભાગ લઈ શકે અને એકબીજા ની સેવા કરી શકે.
  - નવી મંડળીઓ કે કાર્યજૂથો શરૂ કરવા.
  - નવી મંડળીઓમાં નવા આગેવાનોને તૈયાર કરવા.
- તમારી મંડળી કે કાર્યજૂથને વડીલ વિષેનું બાઈબલ પ્રમાણેનું શિક્ષણ આપો. આ પુસ્તકનો ઉપયોગ કરો.
- ભવિષ્યમાં વડીલ થઈ શકે તેવા તમારામાંથી કોઈ માણસને પસંદ કરો કે તેને તાલિમ આપી શકાય.

## સારાંશ

દરેક મંડળી કે કાર્યજૂથમાં વડીલ કે અધ્યક્ષનું કામ પ્રેમ અને જ્ઞાન વડે કરનાર દરેક ને પ્રભુ ઈસુ બદલો આપશે. વડીલ તરીકેની સેવા માટે પવિત્ર આત્મા જેમને બોલાવે છે તે દરેકને તે સામર્થ્ય આપે છે.

વડીલ તરીકે મંડળીના લોકો ખ્રિસ્ત પર અને એકબીજા પર પ્રેમ કરે અને દેવના વચનને, આધિન થાય તેવું શિક્ષણ આપો. તેમજ નવા તાલિમાર્થી વડીલો તૈયાર કરવા અને નવી મંડળીઓ કે કાર્યજૂથો સ્થાપવા.

Copyright © 2004 by Paul - Timothy. May be freely copied. Download from www.Paul-Timothy.net.